GSLV-D5નું સફળ લોન્ચીંગ

ભારતીય વૈજ્ઞાનિકોની સિદ્ધી : જીસેટ-૧૪ દૂરસંચાર ઉપગ્રહ લઈને રવાના : મોટી સંખ્યામાં ઈશરોના વૈજ્ઞાનિકો તેમજ નિષ્ણાંતોની ઉપસ્થિતિમાં સતીષ ધવન સ્પેશ સેન્ટરથી સફળ લોન્ચિંગ

શ્રીહરિકોટા,તા. ૫

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ આજે ભારે ઉત્તેજનાપૂર્ણ વાતાવરણ વચ્ચે જીએસએલવી-ડીપ રોકેટને સફળતાપૂર્વક લોન્ચ કરતાં ભારતીય વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. શ્રીહરિકોટામાં સતિષ ધવન સ્પેસ સેન્ટરથી સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવેલા ક્રાયોજનિક એન્જીન દ્વારા પાવર્ડ જીએસએલવી-ડીપ રોકેટને લોન્ચ કરાતાં ભારતે મોટી સિદ્ધી મેળવી છે. જીએસએલવી-ડીપ ૧૯૮૦ કિલોના જીસેટ-૧૪ દૂરસંચાર ઉપગ્રહને લઈને ઉડાણ ભરી હતી. નિર્ધારીત પરીભ્રમણ કક્ષામાં ઉડાણ ભર્યાના મીનિટોના ગાળામાં જ આ રોકેટે દૂરસંચાર ઉપગ્રાહને સ્થાપિત કરતાં રાહત થઈ હતી. મોડેથી આ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૯૬ | ૬ જાન્યુઆરી, ૨૦૧૪, સોમવાર; પોષ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ફોટામાં હસતો દેખાવા માણસ જેટલી મહેનત કરે છે એટલા પ્રયત્ન પણ લોકો સામે હસતા રહેવા નથી કરતો

- ક્રાન્તિ ભટ્ટ

NEWS બિટ્સ

● જાણીતા વકીલ રામ જેઠમલાણી સાથે ૭ કરોડની છેતરપીંડી

દેશના જાણીતા વકીલ રામ

જેઠમલાણીને સાથે મોટી છેતરપીંડી થઈ હોવાની વાત બહાર આવી છે. ચેન્નાઈની એક કંપનીએ કાયદાકીય બાબતોના માર્ગદર્શન અને કોર્ટકેસ લડવા રામ જેઠમલાણીનો સંપર્ક કર્યો હતો. કંપની તેઓને ૭ કરોડ આપવા રાજી થઈ હતી. પરંતુ કંપનીએ આ ચુકવણી કરી ન હતી.

● રાયગઢના ઐતિહાસિક કિલ્લામાં નરેન્દ્ર મોદી પગપાળા ફર્યા

મહારાષ્ટ્રના રાયગઢની મુલાકાતે ભાજપના વડાપ્રધાન પદના

ઉમેદવાર નરેન્દ્ર મોદી પહોંચ્યા હતા. અહીં તેઓએ છત્રપતિ શિવાજી મહારાજની સમાધિના દર્શન કર્યા હતા અને રાયગઢના ઐતિહાસિક કિલ્લાની મુલાકાત લીધી હતી. તેઓએ પગપાળા ફરી સમગ્ર કિલ્લાનું નિરિક્ષણ કર્યું હતું.

● ગાયક સોનુ નિગમ સામે પોલીસ કેસ

બોલીવુડના જાણીતા પાશ્વગાયક સોનુ નિગમ સામે પોલીસકેસ થયો છે. મહારાષ્ટ્રના નાગપુરમાં તાજેતરમાં એક

મ્યુઝિકલ પ્રોગ્રામ યોજાયો હતો. જેની પરવાનગી પોલીસ અને તંત્ર પાસેથી ન લેવાતા સ્થાનીક પોલીસ સ્ટેશનમાં સોનુ નિગમ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આજે મતદારયાદીની પ્રસિદ્ધિ પર પંચની રોક

મતદારયાદીની પ્રસિદ્ધિ માટે નવી તારીખ હવે પછી જાહેર થશે : ૧૧ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન ખાસ નોંધણી ઝુંબેશ

ગાંધીનગર, તા. ૫

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે જાહેર થનારી મતદાર યાદીની પ્રસિદ્ધિ પર રોક લગાવી દીધી છે અને મતદારયાદીની પ્રસિદ્ધિ માટે નવી તારીખ હવે પછી જાહેર કરાશે.

ચૂંટણી પંચે મતદાર યાદીની પ્રસિદ્ધિ પર લગાવેલી રોકની સાથે સાથે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ ૧૧ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી દરમ્યાન પણ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

૧૧ થી ૨૦ જાન્યુઆરી સુધી યોજાનાર આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમને લઈ તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે. આ ઝુંબેશમાં પણ યુવા અને મહિલા મતદારોની નોંધણી પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

૧૯મી જાન્યુઆરીએ આ ઝુંબેશના સઘન અમલીકરણ માટે તમામ બી.એલ.ઓ. મતદાન મથક પર વિશેષ ફરજ બજાવી અને મતદાર નોંધણીની કામગીરી કરશે.

જિલ્લામાં મતદાર યાદીઓ તૈયાર થઈ ગઈ છે અને તેની પ્રસિધ્ધિ માટે વ્યસ્ત બનેલા તંત્રને ગઈકાલે જ એક આદેશ આવી પ્રસિદ્ધિ પર રોક લગાવી દેવામાં આવી હોવાની સૂચનાઓ જારી કરી હતી.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હવે જાન્યુઆરીના અંતમાં મતદાર યાદીની પ્રસિધ્ધિ કરવામાં આવશે જો કે મતદાર યાદીની પ્રસિધ્ધિ પૂર્વે તમામ કલેક્ટરો પાસેથી મતદારયાદી સંપૂર્ણ હોવા અંગે તેમજ ક્ષતિરહિતની હોવા બાબતે પ્રમાણપત્રો પણ મેળવવામાં આવશે. જેથી મતદારયાદીમાં નામો નહિ હોવાની કે વિસ્તારો છુટી ગયાની ફરિયાદ ઉઠે નહિ. પંચે આ વખતે મતદાર યાદી ક્ષતિ રહિત બને તે માટે તમામ જરૂરી પગલાં લીધા છે.

મતદારયાદીની પ્રસિધ્ધિ પૂર્વે કલેક્ટરોએ રાજકીય પક્ષો ના આગેવાનો સાથે પણ બેઠક કરી અને તેમની પાસેથી જરૂરી વાંધા-સૂચનો મેળવી તેનો ઉકેલ લાવવાનો રહેશે. પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે યુવા મતદારોની નોંધણી વધુ થાય તે માટે કોલેજ સંકુલોમાં ખાસ કેમ્પ યોજવા પર ભાર મુક્યો છે. આ ઉપરાંત મહિલા મતદારોની નોંધણી

● અનુસંધાન પાન-૭ પર

સાબરમતી મેરેથોન - અમદાવાદની લોકપ્રિય સાબરમતી મેરેથોનમાં આજે ૨૦ હજાર ઉપરાંત દોડવીરો જોડાયા હતા. વહેલી સવારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મેરેથોનનું પ્રસ્થાન કરાવ્યું હતું. યુવાનોની સંખ્યા નોંધપાત્ર જણાતી હતી. ત્રણ વિભાગોમાં મેરેથોનનું આયોજન કરાયું હતું.

ગાંધીનગરમાં ૬ ડિગ્રી પારો ગગડ્યો

ઠંડી વધી : બે-ત્રણ દિવસ ઠંડીમાં રાહત રહ્યા બાદ બમણા વેગથી ત્રાટકતી ઠંડી : લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી : જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૫

આ વર્ષે શિયાળાની મોસમમાં લઘુત્તમ તાપમાનમાં ખુબ ફેરફાર જોવા મળી રહ્યો છે. એક જ દિવસામાં પારો ઉંચે જતો રહે છે તો બીજા દિવસે પાંચ-છ ડિગ્રીના ઘટાડા સાથે શહેરીજનો આકરી ઠંડી અનુભવે છે. હજુ ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું તે પછી આજે લઘુત્તમ તાપમાન છ ડિગ્રી જેટલુ ઘટીને ૯ ડિગ્રીએ પહોંચી જતા શહેરીજનોએ પુનઃ ઠંડીનો અનુભવ કર્યો હતો.

ગયા અઠવાડિયે કાતિલ પવન સાથે પડેલી ગાત્રો થીજવી દેતી ઠંડીથી બે-ત્રણ દિવસ રાહત મળી હતી. ઠંડો પવન બંધ થતા અને લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ ડિગ્રી સુધી પહોંચતા ઠંડી ઘટી હતી. વાદળો પણ વિખેરાઈ ગયા હતા. દિવસે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડતી ન હતી. પરંતુ ગઈકાલે રાત્રે એકાએક જ વાતાવરણમાં ફેરફાર થયો હતો અને લઘુત્તમ તાપમાન ઘટવા લાગ્યું હતું. નીચે જઈ રહેલા પારાના કારણે સાંજથી જ ઠંડકનો અનુભવ થતો હતો રાત્રે અને વહેલી સવારે પારો ૯ ડિગ્રી સુધી પહોંચી જતા વસાહતીઓએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો. એક જ દિવસમાં પારો ૬ ડિગ્રી જેટલો ઉતરી જતાં ઠંડી વધુ અનુભવાઈ હતી. આ વર્ષે લઘુત્તમમાં ખુબ ઝડપથી ફેરફાર જોવા મળી રહ્યા છે. માત્ર એક જ દિવસના ગાળામાં પારો ૫ થી ૬ ડિગ્રી જેટલો ઉતરી જતા વાતાવરણની લોકોના સ્વાસ્થ પર વધુ અસર જોવા મળી રહી છે. શરદી-ઉધરસ, તાવના દર્દીઓ વધ્યા છે. આજે મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી રહ્યું હતુ, જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૫ ટકા અને સાંજે ૩૩ ટકા રહ્યું હતું.

કોબા પંચાયતમાં વહીવટદાર મુકાયા

૮ થી ૧૦ જાન્યુઆરી સુધીમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી કરાય તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના કોબા ગામે પંચાયતના સરપંચ સહિત સભ્યોના સામુહિક રાજીનામા બાદ વહીવટદારની નિમણુંક કરવાની દરખાસ્તને જિલ્લા તંત્રએ બહાલી આપી દીધી છે. હવે આગામી સપ્તાહે વિવાદાસ્પદ દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કોબામાં ગેરકાયદે દબાણો ૧૫મી જાન્યુઆરી સુધીમાં દૂર કરી વડી અદાલતને અહેવાલ આપવાની કરાયેલી તાકીદ બાદ પંચાયતના તમામ સભ્યો અને સરપંચે રાજીનામા ધરી દીધા છે.

આ પછી પંચાયતના વહીવટદાર તરીકે સર્કલ ઓફિસરની નિમણુંક કરવા માટે તાલુકા પંચાયતની દરખાસ્તને જિલ્લા પંચાયતે મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સરકારમાં નોકરી મેળવો..!

ધો. 12 પાસ થી ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે સોનેરી તક

વર્ષ 2014 માં 36000+ થી વધુ (વર્ગ 1/2/3)ની ભરતી!

90% થી વધુ પ્રશ્નો પૂછવાની ગેરંટી પૂર્વકનું શિક્ષણ

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

કોર્સની વિશેષતાઓ

વર્ગ 1/2ની (પ્રિલિમ માટે જ) Dy.S.P. / DC / મામલતદાર / TDO

વર્ગ-3 માં તલાટી / ક્લાર્ક / PSI / કોન્સ્ટેબલ

સંપૂર્ણ માર્ગદર્શન ની સાથેની ફીમાં

ENGLISH : Dr. U. Pandit (Ph.D.)
GUJARATI : Dr. N. Rana (Ph.D.) / N. Gajjar (M.Phil)
MATHS/REASONING : Mr. C. Prajapati / Mr. M. Patel
GS (સામાન્ય જ્ઞાન) : Mr. Mukesh Patel (CMD)
Dr. B. Patel (Ph.D.)
Mr. A. Patel (M.Pharm)
Mr. G. Prajapati (M.Phil)

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

તા. 15-1-2014 થી નીચેની ફી લાગુ પડશે

વર્ગ (1/2) Dy.S.P. / DC / મામલતદાર / TDO

ગાંધીનગર શાખા માટે ફી ₹ 41,000/- | મહેસાણા શાખા માટે

18.1.2014	3-00 થી 6-00	રવિ : રવિ	19.1.2014	6-00 થી 9-00	રવિ / રવિ
23.1.2014	6-30 થી 8-00	સોમ થી શુક્ર	16.2.2014	6-30 થી 8-00	રવિ થી મંગળ
13.2.2014	7-00 થી 8-30	સોમ થી શુક્ર			

PSI ગાંધીનગર માટે ફુલ્લ | 23.1.2014 | 4-45 થી 6-45 | સોમ થી શુક્ર | ફી માત્ર ₹ 36,000/-

વર્ગ-3 (માસ્ટર કોર્સ) તલાટી / ક્લાર્ક / કોન્સ્ટેબલ

મહેસાણા શાખા માટે ફી ₹ 28,000/- | ગાંધીનગર શાખા માટે

21.1.2014	2-00 થી 4-00	સોમ થી મંગળ	20.1.2014	1-30 થી 3-00	સોમ થી શુક્ર
11.2.2014	4-00 થી 6-00	રવિ થી મંગળ	09.2.2014	6-00 થી 9-00	રવિ : રવિ

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર - 9537614606, 9537546886 | મહેસાણા - 9537614607

દેશને મજબુત ઈરાદાની જરૂર છે : નરેન્દ્ર મોદી

તાલકટોરા સ્ટેડિયમમાં રામદેવ અને નરેન્દ્ર મોદી એક જ મંચ ઉપર : મજબૂત ઈરાદાથી વ્યવસ્થા બદલી શકાય છે

ગાંધીનગર, તા. ૫

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે બાબા રામદેવના મંચ ઉપરથી બોલતા જણાવ્યું હતું કે, તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને પૂર્ણ કરવા તમામ પ્રયાસ કરવામાં આવશે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દેશને વચન નહીં ઈરાદા જોઈએ. દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં સ્વાભિમાન ટ્રસ્ટના સ્થાપના દિવસના પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં બોલતા મોદીએ કહ્યું હતું કે, તેઓ હોદ્દા માટે જનમ્યા નથી. ઈરાદા મજબુત હોય તો સિસ્ટમને બદલી શકાય છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે, તેમને દેશ માટે ઘાતક ગણાવનાર વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન અંગે તેઓ પ્રતિક્રિયા આપશે. પરંતુ મનમોહનસિંહના આવા નિવેદન બદલ તેઓએ કોઈ જવાબ આપ્યો નહતો. અલબત્ત આ કામ બાબા રામદેવે કર્યું હતું. મોદીએ પોતાના ભાષણમાં રામદેવની શરતોને પૂર્ણ કરવાનું વચન આપ્યું હતું. તેમણે એમપણ કહ્યું હતું કે, ટેક્સ વ્યવસ્થા ઉપર પાર્ટીમાં વિચારણા ચાલી રહી છે. ટેક્સ વ્યવસ્થા સામાન્ય માનવી

● અનુસંધાન પાન-૭ પર

ધોરણ-૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે આગામી સમયમાં ગુજરાત સરકાર દ્વારા હજાર અઢી લાખ સરકારી ભરતી માટેની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે

નવી બેચનો પ્રારંભ : તા. 5-1-2014 થી થયેલ છે

- સોમ થી શનિ દરરોજ બે કલાકનું ટીચીંગ.
- ૧૦ માસ સુધી અભ્યાસનો અભ્યાસક્રમ.
- ગણિત, અંગ્રેજી, રીઝનીંગ જેવા વિષયોને પાયાની મૂળ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવવામાં આવશે.
- જુ. કલર્ક, તથા ગુજરાતી વિષયની નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન.
- G.P.S.C., Bank, P.S.I., ક્લાર્ક, તલાટી જેવી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તમામ વિષયોનું સંપૂર્ણ માર્ગદર્શન વર્ષોનો અનુભવ ધરાવતી તથા અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ ફેકલ્ટીજ દ્વારા પરીક્ષાલક્ષી માર્ગદર્શન.

વિવેકાનંદ એકેડમી

677, સેક્ટર-22, ગાંધીનગર. (મો. : 9925698721)